# વોક ઈન ઈન્ટરવ્યું

અર્બન હેલ્થ સોસાયટી ભાવનગર શહેર તથા ડીસ્ટ્રીકટ હેલ્થ સોસાયટી ભાવનગર જિલ્લામાં "અર્બન હેલ્થ કલીનીક " માટે ૧૧ માસના કરારના ધોરણે નીચે મુજબની ખાલી જગ્યાઓ ભરવા માટે નિમણુંક આપવા તેમજ ભવિષ્યમાં ખાલી પડનાર જગ્યાઓ માટે પ્રતિક્ષા યાદી તૈયાર કરવાની થાય છે. જે આધારે નીચે દર્શાવેલ જરૂરી લાયકાત ધરાવતા ઉમેદવારોએ વોક ઈન ઈન્ટરવ્યુંમાં હાજર રહેવા જણાવવામાં આવે છે.

| ક્રમ | જગ્યાનું નામ | મહાનગરપાલિકા / નગરપાલિકા | કુલ જગ્યા | શૈક્ષણીક લાયકાત | ઉચ્ચક માસિક મહેનતાણું |
|---|---|---|---|---|---|
| ૧ | મેડીકલ ઓફીસર | ભાવનગર મહાનગરપાલિકા | ૨૮ | **શૈક્ષણીક લાયકાત :-** એમ.બી.બી.એસ. ગુજરાત મેડીકલ કાઉન્સીલ બોર્ડમાં ફરજીયાત રજીસ્ટ્રેશન કરાવેલું હોવું જોઈએ તેમજ ઈન્ટર્નશિપ પૂર્ણ કરેલ હોવી જોઈએ. મેડીકલ કાઉન્સિલ બોર્ડમાં રજીસ્ટ્રેશન હાલની સ્થિતિએ ચાલુ હોવું જોઈએ. ( ભાવનગર મહાનગરપાલિકાનાં હદ વિસ્તારમાં પ્રાઈવેટ પ્રેકટીસ કરતા તબીબને પ્રાથમિકતા આપવામાં આવશે. ) ઉકત જગ્યા માટે ઓપીડીનો સમય સાંજના ૫-૦૦ થી ૯-૦૦ વાગ્યા સુધીનો રહેશે. | રૂ.૩૦,૦૦૦/- ( અંકે રૂપિયા ત્રીસ હજાર પુરા ) |
| | | મહુવા નગરપાલિકા | ૫ | **શૈક્ષણીક લાયકાત :-** એમ.બી.બી.એસ. ગુજરાત મેડીકલ કાઉન્સીલ બોર્ડમાં ફરજીયાત રજીસ્ટ્રેશન કરાવેલું હોવું જોઈએ તેમજ ઈન્ટર્નશિપ પૂર્ણ કરેલ હોવી જોઈએ. મેડીકલ કાઉન્સિલ બોર્ડમાં રજીસ્ટ્રેશન હાલની સ્થિતિએ ચાલુ હોવું જોઈએ. ( જે નગરપાલિકા માટે અરજી કરેલ હોય તે નગરપાલિકા વિસ્તારમાં સ્થાનિક, પ્રાઈવેટ પ્રેકટીસ કરતા તબીબને પ્રાથમિકતા આપવામાં આવશે.) ઉકત જગ્યા માટે ઓપીડીનો સમય સાંજના ૫-૦૦ થી ૯-૦૦ વાગ્યા સુધીનો રહેશે. | |
| | | શિહોર નગરપાલિકા | ૩ | | |
| | | પાલીતાણા નગરપાલિકા | ૩ | | |
| ૨ | પેરામેડીકલ સપોર્ટિંગ સ્ટાફ | ભાવનગર મહાનગરપાલિકા | ૨૮ | **શૈક્ષણીક લાયકાત :-** A.N.M/G.N.M/M.P.H.W.<br>➢ A.N.M/G.N.M નો કોર્ષ ઈન્ડીયન નર્સીગ કાઉન્સિલ માન્ય સંસ્થામાંથી પાસ કરેલું હોવું જોઈએ. તથા ગુજરાત નર્સીગ કાઉન્સિલ બોર્ડમાં રજીસ્ટ્રેશન થયેલું હોવું જોઈએ.<br>➢ M.P.H.W. નો કોર્ષ સરકારશ્રી દ્વારા માન્ય સંસ્થાઓમાથી પાસ કરેલ હોવો જોઈશે.<br>ઉકત જગ્યા માટે ઓપીડીનો સમય સાંજના ૫-૦૦ થી ૯-૦૦ વાગ્યા સુધીનો રહેશે. | રૂ.૧૦,૦૦૦/- ( અંકે રૂપિયા દસ હજાર પુરા ) |
| | | મહુવા નગરપાલિકા | ૫ | | |
| | | શિહોર નગરપાલિકા | ૩ | | |
| | | પાલીતાણા નગરપાલિકા | ૩ | | |

**ઈન્ટરવ્યુંની તારીખ -: તા.૩/૪/૨૦૨૦**
**રજીસ્ટ્રેશનનો સમય -: સવારે ૧૧-૦૦ થી ૧-૦૦ કલાક સુધી**
**સ્થળ -: ભાવનગર મહાનગરપાલિકા, કમિશ્નર કચેરી, મહેકમ શાખા**

**ઉપરોકત લાયકાત અને અનુભવ ધરાવતા હોય તેવા ઉમેદવારોએ દર્શાવેલ સરનામે ઓરીજનલ પ્રમાણપત્રો, શૈક્ષણીક લાયકાતના પ્રમાણપત્રો, અનુભવ ના પ્રમાણપત્રો, ઉંમરના પુરાવા માટે શાળા છોડયાનું પ્રમાણપત્ર, પાસપોર્ટ સાઈઝ ફોટોગ્રાફ અને આ પ્રમાણપત્રોની સ્વપ્રમાણિત નકલો સાથે સ્વખર્ચે ઉપસ્થિત રહેવાનું રહેશે.** મળેલ નિયુકિત તદન હંગામી ધોરણે તથા કરાર આધારીત હોવાથી અન્ય કોઈ હકક, હિત મળવા પાત્ર થશે નહી તથા કરારની મુદત પુરી થયે આપોઆપ કરારનો અંત આવશે. કરાર પુર્ણ થયે જરૂરત જણાશે તો પરર્ફોમન્સના આધારે વધુ ૧૧ માસ માટે નવો કરાર કરી શકાશે. **ઉપર્યુકત જગાઓ પૈકી મહાનગરપાલિકાના કાર્યક્ષેત્રની જગ્યાઓ માટે કમિશ્નરશ્રી, ભાવનગર મહાનગરપાલિકા અને નગરપાલિકાના કાર્યક્ષેત્રની જગ્યાઓ માટે કલેકટરશ્રીને ભરતી બાબતના અબાધિત હકક રહેશે.** મંજૂર થયેલ જગ્યાઓ કરતા વધુ અરજીઓ મળ્યેથી A.N.M નો કોર્ષ કરેલ ઉમેદવારોને પ્રથમ ત્યારબાદ G.N.M ત્યારબાદ M.P.H.W. ને પ્રાધાન્ય આપવામાં આવશે એકસરખી શૈક્ષણિક લાયકાતના કિસ્સામાં સબંધીત કોર્ષનાં મેળવેલા ગુણાંકનના આધારે મેરીટ તૈયાર કરવામાં આવશે.

<u>**નોંધઃ-**</u> કોઈપણ ઉમેદવાર કોઈપણ એક જ સ્થળ માટે વોક ઈન ઈન્ટરવ્યુંમા હાજર રહી શકશે.

ભાવનગર જિલ્લામાં તથા ભાવનગર શહેરમાં હાલ એન.એચ.એમ. / આઉટ સોર્સથી અર્બન / રૂરલમાં ફરજ બજાવતા કર્મચારીઓએ અરજી કરવી નહી.

(સહી) ગૌરાંગ મકવાણા IAS
કલેકટર
ભાવનગર જિલ્લો
ભાવનગર

(સહી) એમ.એમ.ગાંધી IAS
કમિશ્નર
ભાવનગર મહાનગરપાલિકા
ભાવનગર

X:\ASHWIN-20\HELTH BHARTI\JUNRAL.docx



Scanned by CamScanner